### ‘સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના’ હેઠળ ગ્રાન્ટ ફાળવી ; સ્વચ્છતા નહીં જળવાય તો ગ્રાન્ટ અટકાવવાની મુખ્યમંત્રીની ચીમકી

# આણંદ-નડિયાદ મનપાને ૧૧૦ કરોડની ફાળવણી કરાઈ

**આણંદના સર્વાંગી** વિકાસ માટે મુખ્યમંત્રીના હસ્તે રૂ. ૫૫ કરોડનો ચેક અર્પણ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજ્યના નગરો અને મહાનગરોમાં જન સુખાકારી અને આધુનિક માળખાગત સુવિધાઓના વિકાસ માટે કુલ રૂ. ૩૮૫૦ કરોડના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત કરમસદ-આણંદ મહાનગરપાલિકાને વિકાસ કામો માટે રૂ. ૫૫ કરોડની રકમનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં રાજ્યમાં સુદ્રઢ નાણાં વ્યવસ્થાપનને કારણે હવે વિકાસ કામો માટે નાણાંની કોઈ તંગી નથી. તેમણે પદાધિકારીઓને અનુરોધ કર્યો હતો કે આ ગ્રાન્ટનો ઉપયોગ ગુણવત્તાયુક્ત પ્રજાકીય કામોમાં થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. વિશેષ કરીને શહેરોમાં નવા રસ્તાઓ આર.સી.સી.ના જ બને અને સ્વચ્છતા પ્રત્યે વિશેષ કાળજી લેવાય તે માટે તેમણે ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, પર્યાવરણની જાળવણી માટે નવી ટી.પી. સ્કીમમાં ૧ ટકા જમીન વૃક્ષારોપણ માટે ફરજિયાત રાખવાનો પણ નિર્ણય લેવાયો છે.

આણંદના પદાધિકારીઓની ઉપસ્થિતિ મુખ્યમંત્રીના હસ્તે આણંદ મહાનગરપાલિકાનો રૂ. ૫૫ કરોડનો ચેક મેયર દીપિકાબેન પટેલ, કમિશનર આર. એન. ડોડીયા અને ડેપ્યુટી મેયર કમલેશભાઈ ડાભીએ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મયુરભાઈ સુથાર, નાયબ કમિશનર અને સીટી ઈજનેર સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

## નડિયાદ મનપાને 55 કરોડ ફાળવવા સાથે રસ્તાના કામોમાં ગુણવત્તા જાળવવા તાકીદ

**નડિયાદ** મહાનગરપાલિકાને મુખ્યમંત્રી દ્વારા ચેક અર્પણ કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના સમારોહમાં નડિયાદ મહાનગરપાલિકાને વિવિધ વિકાસ કાર્યો માટે 55 કરોડની ગ્રાન્ટનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. જેનો ઉપયોગ શહેરમાં પીવાનું પાણી, ગટર વ્યવસ્થા અને રસ્તાઓ જેવી આંતરમાળખાકીય સવલતો માટે કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહીવટી તંત્રને કડક શબ્દોમાં તાકીદ કરી હતી કે શહેરોમાં સ્વચ્છતાના મામલે કોઈ પણ પ્રકારની બેદરકારી સાંખી લેવામાં આવશે નહીં. તેમણે સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો સ્વચ્છતા નહીં જળવાય તો ભવિષ્યમાં ગ્રાન્ટ અટકાવી દેવા સુધીના પગલાં લેવામાં આવી શકે છે. આ ઉપરાંત, ચોમાસામાં રસ્તાઓના ધોવાણ અંગે ટકોર કરતા તેમણે જણાવ્યું હતું કે કામોની ગુણવત્તામાં કોઈ બાંધછોડ ચલાવવામાં આવશે નહીં અને અધિકારીઓએ જાતે સાઈટ વિઝિટ કરી દેખરેખ રાખવી પડશે. આ સમારોહમાં નાણામંત્રી કનુ દેસાઈ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં નડિયાદ મહાનગરપાલિકા વતી કમિશનર કિરણ ઝવેરી અને મેયર મનીષ પટેલ સહિતની ટીમે ગ્રાન્ટનો ચેક સ્વીકાર્યો હતો.

## નડિયાદ : રામદેવ સરોવરમાં ડૂબી જવાથી યુવકનું મોત

**ફાયર બ્રિગેડે ૨** કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

નડિયાદ શહેરના રામદેવપીર મંદિર પાછળ આવેલા રામદેવ સરોવરમાં અકસ્માતે પગ લપસી જવાથી એક યુવકનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. નડિયાદની શાંતિકુંજ સોસાયટીમાં રહેતા અને છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે અસ્વસ્થ એવા રમેશભાઈ શનાભાઈ બારૈયા મંગળવારના રોજ તળાવ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક તેમનો પગ લપસી જતાં તેઓ સીધા પાણીમાં ખાબક્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત નડિયાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી બોટ અને લાઈફ સેવિંગ સાધનોની મદદથી સતત 2 કલાક સુધી સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મોત નીપજ્યું હતું. આ કરૂણ દુર્ઘટનાને પગલે મૃતકના પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકની ટીમે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો.

### પેટલાદમાં ભાડુઆતે સાર્વજનિક ક્લબની મિલકત પચાવી પાડી, ‘લેન્ડ ગ્રેબિંગ’ નો ગુનો નોંધાયો

## પેટલાદ શહેરમાં રાજ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈરે ભાડાની દુકાનો પચાવી પાડી

**સ્ટેશન રોડ પરની** કિંમતી મિલકતનો ભાડા કરાર પૂરો થયો હોવા છતાં ખાલી ન કરતા આખરે પોલીસ ફરિયાદ

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૧

પેટલાદ શહેરના સ્ટેશન રોડ પર આવેલી ‘પરીખ પ્રભુલાલ ભગવાનદાસ સાર્વજનિક ક્લબ’ની માલિકીની મિલકત ભાડે રાખ્યા બાદ, ભાડા કરારની મુદત પૂરી થવા છતાં મિલકત ખાલી ન કરી ગેરકાયદે કબજો જમાવી રાખનાર શખ્સ વિરુદ્ધ પેટલાદ ટાઉન પોલીસ મથકે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આણંદ કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી જિલ્લા લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

પેટલાદની સાર્વજનિક ક્લબના મંત્રી નૈતમભાઈ નવીનભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, ક્લબની માલિકીની સીટી સર્વે નં. ૨ વાળી મિલકતમાં આવેલી ૧૦ દુકાનોનો ઉપરનો ભાગ ફિરોઝ ઈસ્માઈલભાઈ વ્હોરા (રહે. ગુલશનનગર, પેટલાદ) ને ‘રાજ એન્ટરપ્રાઈઝ’ ના નામે ભાડે આપવામાં આવ્યો હતો. આ મિલકતનો ભાડા કરાર તારીખ ૦૧લી ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂર્ણ થઈ ગયો હતો.

આ ભાડા કરાર પૂર્ણ થયા બાદ અને વારંવારની નોટિસો આપવા છતાં, ફિરોઝ વ્હોરાએ મિલકતનો પ્રત્યક્ષ કબજો સોંપ્યો ન હતો અને ગેરકાયદેસર રીતે મિલકત પચાવી પાડી હતી. આ બાબતે ક્લબ દ્વારા કલેક્ટર કચેરીમાં કરવામાં આવેલી અરજીની તપાસ બાદ, સમિતિએ આરોપી વિરુદ્ધ ગુનો નોંધવાનો આદેશ કર્યો હતો. પેટલાદ ટાઉન પોલીસે આ મામલે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ફરિયાદથી શહેરમાં ફફડાટ ફેલાયો હતો.

## મહુધામાં મહિલાને લિફ્ટ આપી લૂંટી લેનારો ઝબ્બે

**પોલીસે 200 સીસીટીવી** કેમેરાની મદદથી ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

મહુધા પોલીસ મથક વિસ્તારમાં થોડા દિવસો અગાઉ પણસોરા ચોકડી પાસેથી પસાર થતી એક મહિલાને વાહનમાં બેસાડી લૂંટ ચલાવનારા શખસે પકડી પાડ્યો છે.

પણસોરા ચોકડી પાસે ગત 4 ઓગસ્ટ ના રોજ એક મહિલાને વાહન ચાલકે પોતાના વાહનમાં બેસાડી હતી. મહિલાના પગમાં પહેરેલા 1 લાખની કિંમતના ચાંદીના કડલા લૂંટવાના ઈરાદે માથાના ભાગે લોખંડની ટોમી મારી બેભાન કરી દીધી હતી. બાદ લૂંટ ચલાવી મહિલાને મહિસા ગામની સીમમાં ફેંકીને ફરાર થઈ ગયો હતો. આ અંગે મહુધા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

આ કેસની તપાસ દરમિયાન મહિલાએ શરૂઆતમાં ઈકો ગાડી હોવાનું જણાવ્યું હતું, પરંતુ પોલીસે આશરે 200 જેટલા સીસીટીવી કેમેરા તપાસતા મહિલા સફેદ રંગના પીકઅપ ડાલામાં બેસતી હોવાનું દેખાયું હતું. ડાલાના સાઈડના ભાગે ‘ભૂરાભાઈ’ લખાણ અને એક અસ્પષ્ટ મોબાઈલ નંબર જોવા મળ્યો હતો. પોલીસે નંબરનું ટેકનિકલ એનાલિસિસ કરી ડાલાના માલિકને શોધી કાઢ્યો હતો. આખરે પોલીસે મહુધાના સણાલી ગામના રહેવાસી બાબુભાઈ મણીભાઈ સલાભાઈ ભોજાણીની ધરપકડ કરી છે અને તેની પાસેથી 8 લાખનું ડાલું, 1 લાખના ચાંદીના કડલા અને લોખંડની પાઈપ મળી કુલ 9 લાખ રૂપિયાનો મુદ્દામાલ રિકવર કરી કાર્યવાહી હાથ ધરી છે.

### ડાકોર પાસે એસટી બસ, ઇકો અને બાઈક વચ્ચે ત્રિપલ અકસ્માત

ઉમરેઠ-ડાકોર રોડ પર એસટી બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ડિવાઇડર પર ચડી ગઈ હતી, જેના પરિણામે પાછળ આવતી ઇકો કાર અને બાઈક ઉપરાઉપરી અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ વિચિત્ર અકસ્માતમાં બાઈક પર સવાર દંપતી અને ઇકો કારના ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે અકસ્માતને પગલે માર્ગ પર અફરાતફરી મચી ગઈ હતી અને ડાકોર પોલીસના કાફલાએ સ્થળ પર પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉમરેઠ-ડાકોર માર્ગ પર સતત બીજા દિવસે ત્રિપલ અકસ્માતની આ બીજી મોટી ઘટના નોંધાઈ છે, જેને કારણે સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે.

## સોજિત્રા પાસે વાહન ટક્કરે બે યુવા મિત્રોના કરુણ મોત

**વડોદરાથી બાઇક પર** પરત ફરતા બે મિત્રોને અકસ્માત નડ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદના સોજીત્રા રોડ પર સહજાનંદ ઈન્ટરનેશનલ સ્કૂલ સામે સોમવારે સાંજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. વડોદરાથી બાઈક પર પરત ફરી રહેલા સોજીત્રાના બે મિત્રોને અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતા બંનેના મોત નિપજ્યા છે.

સોજીત્રાના ચારકુવા ભાગોળ વિસ્તારમાં રહેતો ૨૪ વર્ષીય સાહિલ ઈકબાલભાઈ વ્હોરા, જે મોબાઈલ રિપેરિંગનું કામ કરતો હતો, તેનો મિત્ર મોહંમદ અયાઝ સાજીદભાઈ વ્હોરા (રહે. રબારી કોલોની) સાથે સોમવારે બપોરે વડોદરા ખાતે મોબાઈલનો સામાન ખરીદવા ગયો હતો. તેઓ પોતાની સ્પેન્ડર બાઈક પર સવાર થઈને પરત ફરી રહ્યા હતા. સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના સુમારે જ્યારે તેઓ સહજાનંદ સ્કૂલ પાસે પહોંચ્યા, ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે હંકારી આવી તેઓની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સાહિલ વ્હોરાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

બીજી તરફ, ગંભીર રીતે ઘાયલ મોહંમદ અયાઝને ૧૦૮ મારફતે તાત્કાલિક કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેને પણ મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતક સાહિલના કાકાની ફરિયાદના આધારે સોજીત્રા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બોરસદના સૈયદ ટેકરા વિસ્તારના રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડ્યો

## બોરસદમાં ૧.૩૫૩ કિલોગ્રામ ગાંજા સાથે રીઢો શખસ પકડાયો

**ટાઉન પોલીસે ૬૭** હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૧

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણી દ્વારા શરૂ કરાયેલ ‘નશામુક્ત અભિયાન’ અંતર્ગત બોરસદ ટાઉન પોલીસે બાતમીના આધારે સફળ ઓપરેશન પાર પાડી એક રીઢા ગુનેગારને નશીલા પદાર્થ સાથે પકડી પાડ્યો છે.

બોરસદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર પી.બી. જાદવ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, સૈયદ ટેકરા વિસ્તારમાં રહેતો મોહસીન અલીહુસેન સૈયદ પોતાના ઘરેથી ગેરકાયદેસર ગાંજાનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે છાપો મારતા રહેણાંક મકાનમાંથી ૧.૩૫૩ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત અંદાજે ૬૭,૬૫૦ થાય છે. પોલીસે નશીલા પદાર્થ ઉપરાંત રોકડ ૭૦૦ અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. મોહસીન વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે જેથી આ નેટવર્ક પાછળના મુખ્ય સૂત્રધારો સુધી પહોંચી શકાય. હાલ આ અંગે પોલીસે સઘન પુછપરછ માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

**મોહસીનનો ગુનાહિત ઇતિહાસ**

પકડાયેલો મોહસીન સૈયદ રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ પણ બોરસદ ટાઉન પોલીસ મથકમાં જુગારધારા તેમજ પોલીસ પર હુમલો અને હત્યાના પ્રયાસ જેવા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

## રાસાયણિક ખેતીથી માતાના દૂધમાં પણ ઝેર ભળ્યું છે, હવે તો જાગો !

**આણંદમાં રાજ્યપાલ** આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદ તાલુકાના રાવળાપુરા સ્થિત રવિ કોલ્ડ સ્ટોરેજ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ‘પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન’ યોજાયું હતું. આ પ્રસંગે રાજ્યપાલે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના આડેધડ ઉપયોગથી આપણી ફળદ્રુપ જમીન પથ્થર જેવી બંજર બની રહી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે એક ચોંકાવનારા સંશોધનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ખેતરોમાં વપરાતા રાસાયણિક ખાતરોને કારણે માતાઓના દૂધમાં પણ યૂરિયા અને જંતુનાશકોના અંશ જોવા મળ્યા છે. જેના પરિણામે ૧૦ વર્ષના બાળકો પણ કેન્સર અને ડાયાબિટીસ જેવી ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. આ પરિસ્થિતિમાંથી આવનારી પેઢીને બચાવવા માટે પ્રાકૃતિક ખેતી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

પ્રાકૃતિક ખેતી અંગેની ભ્રાંતિઓ દૂર કરતા તેમણે જણાવ્યું કે, રાસાયણિક ખેતીમાં પ્રતિ વીઘા ૨૦ થી ૨૫ હજારનો ખર્ચ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં આ ખર્ચ નહિવત છે. તેનાથી ઉત્પાદન ઘટતું નથી, પરંતુ જમીનની ફળદ્રુપતા અને જળ સંચયમાં વધારો થાય છે. તેમણે ખેડૂતોને શરૂઆતમાં પોતાના પરિવાર માટે જમીનના એક નાના ભાગમાં આ ખેતી શરૂ કરવા અને ત્યારબાદ તેનો વ્યાપ વધારવા સૂચવ્યું હતું.

આ કાર્યક્રમમાં કલેક્ટર પ્રવીણ ચૌધરીએ સ્વાગત પ્રવચન કરી જિલ્લાની પ્રગતિની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલે અહીં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ ખેડૂતો સાથે સીધો સંવાદ પણ કર્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225